ELECTION
IMMEDIATE

"No Voter to be left behind"

Email ID : deoahd@gmail.com
Phone No. 079-27552265
FAX No. 079-27552325

**OFFICE OF THE**
**COLLECTOR AND DISTRICT ELECTION OFFICER**
**AHMEDABAD DISTRICT**

Election Branch, Jilla Seva Sadan, Near Subhash Bridge Circle, Ahmedabad-380027

નં.ઇએલસી/બીએલઓ/કામગીરી/ઇનનં.૧૩૧૪૦૩૪૩/૨૦૨૧ તા. ૧૮/૧૦/૨૦૨૧

પ્રતિ,
મતદાર નોંધણી અધિકારીશ્રી, (તમામ)
જિ.અમદાવાદ.

વિષય:- બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મ્યુનિસિપલ શિક્ષકોને મુક્તિ આપવા બાબત.

સંદર્ભ:- સેક્શન અધિકારીશ્રી, મુ.નિ.અ.ની.કચેરી ગાંધીનગરના પત્ર નં.
ઇએલસી/૪૫૨૧/૮૧૮/છ(સેલ) તા.૦૭/૧૦/૨૦૨૧

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ, જી: અમદાવાદની બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મ્યુનિસિપલ શિક્ષકોને મુક્તિ આપવા અંગેની તા.૦૧/૧૦/૨૦૨૧ની રજુઆત સેક્શન અધિકારીશ્રીના સંદર્ભિત પત્ર દ્વારા અત્રે તા.૧૬/૧૦/૨૦૨૧ના રોજ મળેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જેમાં જણાવ્યા અનુસાર ભારતના ચુંટણી પંચની અને મુ.નિ.અ.ની. કચેરીમાંથી આપવામાં આવેલ બી.એલ.ઓ.ની નિમણુંક અંગેની સ્થાયી સુચનાઓ ધ્યાને લઇ રોટેશન પધ્ધતિનો અમલ કરવા અને અરજદારશ્રીની રજુઆત પરત્વે નિયમોનુસારની યોગ્ય કાર્યવાહી કરી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવા તથા દિન- ૭માં અત્રે અહેવાલ મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

અધિક જિલ્લા ચૂંટણી અધિકારી
અમદાવાદ



Scanned with CamScanner

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

## GUJARAT STATE

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

**ઇએલસી/૪૫૨૧/૮૧૮/છ(સેલ)** **તા.૦૭/૧૦/૨૦૨૧**

પ્રતિ,
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,
અમદાવાદ.

વિષય: બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મ્યુનિસિપલ શિક્ષકોને મુક્તિ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ, જિ.અમદાવાદના તા.૦૧/૧૦/૨૦૨૧ના રજૂઆતની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે, મંડળ દ્વારા બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મ્યુનિસિપલ શિક્ષકોને મુક્તિ આપવા અંગેની રજૂઆત કરેલ છે. પ્રસ્તુત રજૂઆત પરત્વે ભારતના ચૂંટણી પંચની અને અત્રેથી આપવામાં આવેલ બી.એલ.ઓ.ની નિમણૂક કામગીરી અંગેની સ્થાયી સુચનાઓને ધ્યાને લઇ નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરી અત્રેની જાણ હેઠળ અરજદારશ્રીને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા વિનંતી છે.

ELC

COLLECTOR OF AHMEDABAD
16 OCT 2021
DIST. AHMEDABAD

આપનો વિશ્વાસુ,

(signature)

સેક્શન અધિકારી
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય

બિડાણ: ઉપર મુજબ.

13140343

10743/22



Scanned with CamScanner

# અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ

રજી.નં.1003 તા.09-01-1976

પ્રમુખ : શ્રી મનોજ પટેલ (7874022722) ● મહામંત્રી : અમરીષ એસ પટેલ (9712985098) ● રજનીકાંત બી સોલંકી (9723669317)

**ઉપ-પ્રમુખ**
રાજેશભાઇ જી. ચૌધરી 9898719576
સત્યપાલસિંહ આર. ક્ષત્રિય 9725043685
**સહમંત્રી**
મનોજ એ. પટેલ 9426130006
દશરથભાઇ વી. દેસાઇ 9824052852
**સંગઠન મંત્રી**
મેહબુબખાન એ. પઠાન 9998713946
વિક્રમ એ. દેસાઇ 8128658211
**મહિલા સંગઠન મંત્રી**
વિણાબેન પી. ગોહિલ
મનિષાબેન એલ. ખરાડી
**કોષાધ્યક્ષ**
અશોકકુમાર એમ. રાવત 9725004510
**ઝોન પ્રમુખ**
**ઉત્તર ઝોન**
નૈષધકુમાર કે. વ્યાસ 9974016083
**દક્ષિણ ઝોન**
[illegible]કુમાર એ. પટેલ 9904040678
**મધ્ય ઝોન**
વિજયકુમાર એસ. પરમાર 7567801556
**પૂર્વ ઝોન**
મયુરકુમાર પી. પટેલ 7600024065
**પશ્ચિમ ઝોન**
ધર્મેશસિંહ પી. રાઠોડ 9974015622
**ઉર્દૂ ઝોન**
મકરમહુસેન એ. અન્સારી 9724339846
**હિન્દી ઝોન**
રામઅકબાલ જી. સેન 9898827795

જાવક નં.

G. A. D.
Inward No. 444837
04 OCT 2021

તારીખ : તા.૦૧/૧૦/૨૦૨૧

પ્રતિ,
માન. મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય
સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૭,
બીજો માળ, સચિવાલય, ગાંધીનગર

વિષય :– બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મ્યુનિસિપલ શિક્ષકોને મુક્તી આપવા બાબત.

મહે. સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત કાર્યક્રમ ઝુંબેશ નક્કી કરેલા દિવસોએ કામગીરી કરવા જણાવેલ છે.બી.એલ.ઓ.ની કામગીરીમાં મ્યુનિ. શિક્ષકોની નિમણૂંક થતી હોય છે. અમદાવાદ મ્યુનિ. સ્કુલબોર્ડના શિક્ષકોને કામગીરી સોંપવાના કારણે છેલ્લા ૨ વર્ષથી શાળાથી દૂર રહેલ બાળકોના શિક્ષણ પર સીધી અસર પડે છે. આર.ટી.ઈ. –૨૦૦૯ ની જોગવાઈ મુજબ શિક્ષકોને આ કામગીરી સોંપી શકાય નહી છતાં પણ એકના એક શિક્ષકોને વારંવાર આ કામગીરી સોંપવામાં આવેલ છે. ઘણા શિક્ષકોને લાબાં સમયથી આ કામગીરી આપેલ છે. રોટેશન પધ્ધતિનો અમલ કરેલ નથી. તો તાતકાલીક અસરથી મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના શિક્ષકોને જગ્યાએ અન્ય વિભાગના કર્મચારીઓ તથા માધ્યમિક શાળાઓના શિક્ષકોને આ કામગીરી સોંપવા અમારી માંગણી છે.

જો અમારા પ્રશ્ન બાબતે નિર્ણય કરવામાં નહી આવે તો નામદાર હાઈકોર્ટમાં આ બાબતે કાનુની કાર્યવાહી કરવા ની ફરજ પડશે. તો તાત્કાલીક નિર્ણય કરી મ્યુનિસિપલ શિક્ષકોને આ કામગીરીમાંથી કાયમી મુક્ત કરવા અમારી માંગણી છે.

આભાર સહ,

| મહામંત્રી | મહામંત્રી | પ્રમુખ |
|---|---|---|
| અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળ | અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળ | અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળ |

સવિનય નકલ રવાના :– મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હી
સવિનય નકલ રવાના :– માન. કલેક્ટર સાહેબશ્રી, કલેક્ટર કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.



Scanned with CamScanner